Gujarati

# Cafcass ફેમિલિ ગ્રુપ

## કોન્ફરન્સ સર્વિસ

### કૌટુંબિક ઝઘડાનો ઉકેલ લાવવા માટે

### સાથે મળીને કામ કરે છે

# ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સ શું છે?

જ્યારે માતાપિતા જુદા પડવાનું કે છૂટાછેડા લેવાનું નક્કી કરે છે ત્યારે, બાળકોને કશુંક ગુમાવ્યાની, દુઃખની અને કદાચ પોતે દોષિત હોવાની પણ લાગણી થઈ શકે છે. જો માતાપિતા બાળકો સાથેના સંપર્ક અને તેમના રહેવાની ગોઠવણો નક્કી કરવા માટે એકબીજાં સાથે મળીને સહમતી કરે તો બાળકોને કદાચ આવી લાગણીઓ ઓછી થઈ શકે.

ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સથી માતાપિતા, બાળકો, કુટુંબનાં અન્ય સભ્યો અને મિત્રોને ભેગાં મળીને અને જે કોઈ પણ સમસ્યાઓ હોય તો તેમનો કેવી રીતે ઉકેલ લાવવો તેની ચર્ચા કરવાની એક અનોખી તક મળી રહે છે. ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સથી માતાપિતાઓ તેમનાં બાળકો માટે એકબીજાની સહમતીથી  કોઈ યોજના સહેલાઈથી નક્કી કરી શકે છે અને તેમને કોર્ટની દુઃખદાયી અને ખર્ચાળ કાયદેસર કાર્યવાહીમાંથી પસાર થવું પડતું નથી.

## કોન્ફરન્સ માટે તૈયારી કરવી

તમારા ફેમિલિ કોર્ટ એડવાઈઝર પાસેથી રીફરલ (ભલામણ) મળ્યા પછી, એક સ્વતંત્ર ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સ કો-ઓર્ડિનેટર તમને મળવા આવવાનું ગોઠવશે. ''સ્વતંત્ર'' એટલે એી કોઈ વ્યક્તિ જેમણે આ પહેલાં તમારા કુટુંબ  સાથે કામ ન કરેલું હોય. બધાં જ ફેમિલિ ગ્રુપ કો-ઓર્ડિનેટરોને ખાસ તાલીમ મળેલી હોય છે.

કોન્ફરન્સમાં કોને બોલાવવાની જરૂર છે તે નક્કી કરવામાં અને તે ક્યાં અને ક્યારે ભરવામાં આવે તેની ગોઠવણ કરવામાં કો-ઓર્ડિનેટર તમારી મદદ કરશે.  દરેક વ્યક્તિને મીટિંગની સમય અને સ્થળની ચોક્કસ જાણ કરતો પત્ર મોકલવામાં આવશે.

તમારા બાળકની ઉંમર અને સમજશક્તિના આધારે, કો-ઓર્ડિનેટર તેમને તેમની ઈચ્છાઓ અને લાગણીઓ વિશે પૂછે એવું બને.  બાળકોને મીટિંગમાં આવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે તે ઘણું જ અગત્યનું છે. બાળકો મીટિંગમાં ભાગ લઈ શકે તેમાં તેમની મદદ કરવા માટે તેમને તેમના પોતાના સહાયક (એડવોકેટ) આપી શકાય છે.

## કોણે આવવું જોઈએ?

તમારાં બાળકો વિશેનો સર્વોત્તમ નિર્ણય લેવામાં તમારી મદદ કરી શકે તેમ લાગતી હોય તેવી કોઈ પણ વ્યક્તિ. આ કુટુંબીજનો, મિત્રો અથવા પાડોશીઓ હોઈ શકે. તમારા બાળકને સારી રીતે જાણતાં હોય તેવાં વ્યવસાયિકો (જેમ કે શિક્ષકો, હેલ્થ વિઝિટરો અથવા સોશિયલ વર્કરો) પણ હાજરી આપે તેવી વિનંતી તમે કરી શકો છો. વ્યવસાયિકો ફક્ત તેમનું વ્યવસાયિક મંતવ્ય જ આપી શકે છે અને તેઓ ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સમાં કોઈ નિર્ણયો લેશે નહિ. જ્યાં શક્ય હશે ત્યાં, તમારા બાળક માટે અગત્યની હોય તેવી દરેક વ્યક્તિને બોલાવવી જોઈએ.

# તે દિવસે...

## માહિતીની આપ-લે કરવી

કોન્ફરન્સના પહેલા ભાગમાં એકબીજા સાથે માહિતીની આપ-લે કરવામાં આવે છે. કો-ઓર્ડિનેટર દરેક જણને પોતાનો પરિચય આપવા માટે કહશે. જો ત્યાં કોઈ વ્યવસાયિકો હાજર હશે, તો તેઓ તમને તમારા બાળક માટેની ગોઠવણો કરવામાં મદદ કરે તેવી માહિતી પૂરી પાડશે. તેમને પ્રશ્નો પૂછવાની ઘણી તકો તમને મળી રહેશે.

## કુટુંબ માટેનો અંગત સમય

આ મીટિંગનો ઘણો અગત્યનો ભાગ છે. તમારાં કુટુંબીજનો અને મિત્રોને કોઈ યોજના - પ્લાન વિશે ચર્ચા કરવાનો અને તે નક્કી કરવા માટેનો અંગત સમય મેળવવાની તક આપવામાં આવશે. આ તબક્કે વ્યવસાયિકો અને કો-ઓર્ડિનેટર ત્યાંથી જતાં રહેશે, જેથી તમેઃ

- તમને આપવામાં આવેલી માહિતી વિશે ચર્ચા કરી શકો
- કોઈ યોજના નક્કી કરી શકો
- તે કોણ કરશે તેનો નિર્ણય કરી શકો
- તે યોજના સારી રીતે કામ કરે તેની તમે કેવી રીતે ખાતરી કરશો તેની ચર્ચા કરી શકો
- જો તે યોજના સારી રીતે કામ ન કરે તો કોણ તમારી મદદ કરશે તે નક્કી કરી રાખી શકો છો.

આ બાબતો ઉપર ચર્ચા કરવા માટે તમને જોઈતો હોય એટલો સમય તમે લઈ શકો છો. કો-ઓર્ડિનેટર ત્યાં નજીકમાં જ હશે અને તમે ઈચ્છો તો તેમની પાસેથી ટેકો માગી શકો છો. જો તમને કોઈ સહમતી ઉપર પહોંચવામાં તકલીફ પડી રહી હોય, તો કો-ઓર્ડિનેટર તમારી મદદ કરશે.

## અગ્રીમેન્ટ મીટિંગ

તમે એક વાર તમારી કૌટુંબિક યોજના - ફેમિલિ પ્લાન નક્કી કરી લો, એટલે કો-ઓર્ડિનેટર ફરી પાછા મીટિંગમાં જોડવા માટે વ્યવસાયિકોને બોલાવશે. તે પછી ત્યાં હાજર રહેલાં બધાં જ લોકોને કો-ઓર્ડિનેટર તે યોજનાની માહિતી આપશે. યોજનાની પુનઃવિચારણા કરવા માટે તમારે છથી આઠ મહિના બાદ બીજી એક મીટિંગ ગોઠવવી જોઈએ કે નહિ તેની પણ તમે ચર્ચા કરશો. યોજના સારી રીતે કામ કરે તે માટે જો તમને કોઈ ટેકા કે સેવાની જરૂર હશે, તો તમારા ફેમિલિ કોર્ટ એડવાઈઝર તેની ગોઠવણ કરવામાં તમારી મદદ કરશે.

જો વ્યવસાયિકો અથવા કોર્ટને લાગશે કે તમારી યોજનાને કારણે તમારાં બાળકો પર કોઈ જોખમ મૂકાય છે તો જ તેઓ તમારી યોજના સાથે મંજૂર નહિ થાય. જો આવું થશે, તો કો-ઓર્ડિનેટર તમને તેના પર ફરીથી વિચાર કરવા માટે કહેશે.

**મીટિંગમાં હાજર રહેલાં બાળકો સહિત બીજાં બધાં જ લોકો, કૌટુંબિક યોજના પર સહી કરશે. નક્કી કરવામાં આવેલી કૌટુંબિક યોજના તરીકે તેની એક નકલ કોર્ટને મોકલી આપવામાં આવશે.**

# અભિપ્રાયો

## હું અભિપ્રાયો કેવી રીતે આપી શકું કે ફરિયાદ કેવી રીતે કરી શકું?

ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સ વિશે તમે શું વિચારો છો તે અમે જાણવા માગીએ છીએ. કોન્ફરન્સ બાદ તમને ભરવા માટે એક ફીડબૅક ફોર્મ આપવામાં આવશે. તમારાં સૂચનોથી અમને અમારી સેવામાં સુધારા કરવામાં મદદ થશે, આથી આ ભરવામાં તમે થોડો સમય ફાળવશો તો અમે તમારા આભારી થઈશું.

અમે એવાં કુટુંબો પણ શોધી રહ્યાં છીએ જેઓ ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સ ભરવાનું વિચારી રહેલાં અને તેમાંથી પસાર થઈ ચૂકેલાં કોઈની સાથે વાત કરવા ઈચ્છતાં હોય તેવાં લોકો સાથે વાતચીત કરવા માટે રાજી હોય.

તમારી ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સનું જે રીતે આયોજન કરવામાં આવ્યું હોય તેનાથી જો તમે ખુશ ન હો, તો તમે ફેમિલિ ગ્રુપ કોન્ફરન્સ સર્વિસના મેનેજરોનો સંપર્ક કરી શકો છો. તેઓ તમારી ચિંતાઓ વિશે વાતચીત પણ કરી શકશે અને જો જરૂરી લાગશે તો સી.એ.એફ.સી.એ.એસ.એસ.ની ફરિયાદની પદ્ધતિ મારફતે ફરિયાદ કરવામાં તમારી મદદ કરશે.

## સંપર્ક

**Cafcass લંડન રીજન ફેમિલિ**
**ગ્રુપ કોન્ફરન્સ સર્વિસઃ**
**020 7210 4100**

Cafcass દ્વારા ફેબ્રુઆરી 2007માં મુદ્રિત અને પ્રકાશિત
8th Floor, South Quay Plaza 3, 189 Marsh Wall, London E14 9SH